01:45 PM

પત્રકમાંક:ઉમશ/ઉમા ૪/૨૦૧૯/ 3237 - 71
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં.૯/૧,ડો.જીવરાજમહેતાભવન,
ગુ.રા, ગાંધીનગર
તા૧૬/૭/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ,

વિષય : શાળાના શિક્ષકો ટ્યુશન પ્રતિબંધના નિયમનું કડકપણે પાલન કરે તે માટે વિવિધ સુચનોની અમલવારી કરવા બાબત

સંદર્ભ : અંગત મદદનીશ, મંત્રીશ્રી, શિક્ષણ(પ્રાથમિક ,માધ્યમિક, પૌઢ)નો પત્રકમાંક: શિમક/REG/2019/4238, તા.૧૭/૬/૨૦૧૯

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ દર્શિત પત્રથી શાળાના શિક્ષકો ટ્યુશન પ્રતિબંધના નિયમનું કડકપણે પાલન કરે ઉપરાંત આ નિયમ વધુ અસરકારક રીતે અમલમાં આવે તે માટે નીચે મુજબના સુચનો આપવામાં આવે છે.

1..આપના હસ્તકની શાળાઓ અને તમામ ટ્યુશન ક્લાસમાં ફાયરસેફ્ટીની સુવિધા કાર્યક્ષમ રીતે અમલમાં આવે, તે માટે નિયમોને આધીન પગલાં લેવા.

2.તમામ શાળામાં C.C.T.V કેમેરાની સગવડ ફરજિયાત કરવી. તેનો કાર્યક્ષમ ઉપયોગ કરીને શાળાના સમય સિવાય તે શાળામાં થતી ગેરકાનુની ટ્યુશનની પ્રવૃતિનું મોનીટરીંગ કરીને તેને ડામવાની કામગીરી હાથ ધરવી.

3.શાળાના શિક્ષકોની ટ્યુશનની ગેરકાયદેસરની પ્રવૃત્તિ અંગેની ફરિયાદોની રજૂઆત કરવા માટે એક વોટ્સએપ નંબર તથા ટોલ ફ્રી નંબર શક્ય હોય તો જાહેર જનતાને પૂરો પાડવો.

4. ગેરકાયદેસર ટ્યુશન ક્લાસ ચલાવતાં શિક્ષકો માટે કેવા પ્રકારની શિક્ષાત્મક કાર્યવાહી કરવાની જોગવાઈઓ છે, તે એક જાહેરનામા દ્વારા જાહેર જનતા સમક્ષ પ્રદર્શિત કરવી, જેથી તેઓ પોતાની ફરિયાદ સત્વરે પહોંચાડી શકે.

ઉપરોક્ત સુચનોનો અનુકૂળતા અનુસાર અમલ કરવો.

(સહી)
સંયુક્ત શિક્ષણ નિયામક,
૧૦+૨ ખાસ ઘટક,
ગુ.રા, ગાંધીનગર

જા. નં. 10783
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન-૨, બ્લોક,
ત્રીજો માળ, અઠવાલાઈન્સ, સુરત
તા.: 13/08/2019

નકલ રવાના !
જાણ તથા અમલ થવા સારુ.

(સહી) 9/8/19
જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિલ્લો સુરત.

પ્રતિ, આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ શાળાઓ તરફ.

Scanned by CamScanner